# ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ

રિલાયન્સ હોલ,બહુમાળી ભવન પાસે,ભુજ–૩૭૦૦૦૧.
ફોન : ૨૨૧૭૩૪,ફેક્ષ : ૨૨૩૮૯૯, ઈમેઈલ : bhujadabhuj@gmail.com
વેબસાઈટ :www.bhujada.com



## ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ

**રીલાયન્સ હોલ, બહુમાળી ભવન પાસે, ભુજ–કચ્છ**
**ફોન : (૦૨૮૩૨) ૨૨૧૭૩૪**
**વેબસાઈટ : www.bhujada.com**


### – : જાહેર નિવિદા : –

ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ ધ્વારા આપવામાં આવતી ઓનલાઈન વિકાસ પરવાનગી માટેના નકશા (પ્લાન)ની કલર પ્રિન્ટ + ફોર્મ ડી + ફાઈલ + સ્ટીકર સાથેની ફાઈલો તૈયાર કરાવવાની થતી હોય આ કામના અનુભવી ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

ઉકત કામનું ટેન્ડર ફોર્મ તથા શરતો ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની વેબસાઈટ : **www.bhujada.com** પરથી ડાઉનલોડ કરી જરૂરી સહી સિકકા સાથે ભરી તેની સાથે ટેન્ડરફોર્મ ફી રૂ.૫૦૦/– (નોન રીફન્ડેબલ) તથા અર્નેસ્ટમની ડીપોઝીટ રકમ રૂ.૫,૦૦૦/– નું ડી.ડી. / બેંકર્સ ચેક સાથે સીલબંધ કવરમાં કચેરી સમય દરમ્યાન ફકત રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફતે તા.૧૪/૦૬/૨૦૨૧સુધી ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં પહોંચતા કરવાના રહેશે. સીલબંધ કવર ઉપર **"ઓનલાઈન પરમીશન અંગેના નકશા–ફોર્મડી–ફાઈલનું કામ"** એમ દર્શાવવાનું રહેશે.મુદ્દત વિત્યા બાદ મળેલ ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

**સહી/–(મનીષ ગુરવાની (આઈ.એ.એસ.))**
**મુખ્ય કારોબારી અધિકારી**
**ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ**

# — : <u>ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ ધ્વારા આપવામાં આવતી ઓનલાઈન વિકાસ પરવાનગી માટેનું રેકર્ડ હાર્ડ કોપીમાં રાખવા કામે કલર નકશા, ફોર્મ–ડી, ફાઈલની વિગત દર્શાવતું સ્ટીકર સાથેના કામ માટેના ટેન્ડરની શરતો</u> : —

(૧) ટેન્ડર ફોર્મ પેટે રકમ રૂા.૫૦૦/–નો ડી.પી. / બેંકર્સ ચેક (નોન રીફંડેબલ) તથા અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ પેટે રૂા.૫,૦૦૦/–નો "ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ"ના નામનો ડીમાન્ડ ડ્રાફટ / બેંકર્સ ચેકથી ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાના રહેશે. ઈજારદારે ટેન્ડરની સાથે તેણે આ પ્રકારનું અગાઉ કોઈ કામ કર્યુ હોય તો તેના આધારો રજુ કરવાના રહેશે. ટેન્ડર ફોર્મ સીલ બંધ કવરમાં રજુ કરવાનું રહેશે. કવર પર **"ઓનલાઈન પરમીશન અંગેના નકશા–ફોર્મડી–ફાઈલનું કામ"** એમ લખવાનું રહેશે.

(૨) આ કામગીરી જરૂરીયાત અનુસાર વર્કઓર્ડર આપવામાં આવશે. અને વર્કઓર્ડર થયાની તારીખથી દિવસ–૧૫માં કામગીરી પુર્ણ કરવાનો રહેશે.

(૩) ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ ધ્વારા સોફટ કોપીમાં ફાઈલ નંબર સાથે પ્લાન તથા ફોર્મ–ડી આપવામાં આવશે. જે પ્લાનની સ્કેલ ટુ સ્કેલ પ્રિન્ટ ( A3 / A2 / A1 / A0 સાઈઝ), ફોર્મ–ડી ની પ્રિન્ટ (બારકોડ / ડીઝીટલ સીગ્નેચર દેખાઈ તે રીતે), સ્ટીકર (ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળનું નામ–સરનામું, અરજદારનું નામ / ફાઈલ નં. / સર્વે નં. / પ્લોટ નં.) સાથેની ફાઈલ તૈયાર કરવાની રહેશે.

(૪) સત્તામંડળ ધ્વારા આ કામગીરી માટે સોફટ કોપીમાં રેકર્ડ આપવામાં આવશે. જે સોફટ કોપી ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીએથી ઈજારદારે મેળવવાનું રહેશે. અને કામગીરી પૂર્ણ થયેથી સોફટકોપીનો રેકર્ડ નાશ (ડીલીટ) કરવાનો રહેશે. જે સોફટ કોપી કે હાર્ડ કોપી ઈજારદાર અન્યત્ર ઉપયોગમાં લઈ શકશે નહી કે અન્ય કોઈને આપી શકશે નહીં. અને આ રેકર્ડનો કોઈ પણ જગ્યાએ ઈજારદાર સીધી રીતે કે આડકતરી રીતે અન્ય કામગીરી માટે ઉપયોગ કરી શકશે નહીં. તેમજ તે રકર્ડ ઈજારદાર પોતાની પાસે રાખી શકશે નહીં. જો આ રેકર્ડ અન્ય પ્રકારે ઉપયોગમાં લેવામાં આવશે તો ઈજારદાર સામે કાનુની રાહે કાર્યવાહી કરવામાં આવશે.

(૫) ઈજારદાર કામ અધુરુ મુકી દે તેવા સંજોગોમાં 'ભાડા' ખાતાકીય રાહે કામ કરાવી શકશે અને આવા પ્રસંગે ટેન્ડર–મંજુરીની રકમથી વધુ ચુકવાયેલ રકમ માટે ઈજારદારની જમા રહેલ ઈએમડી / સીકયુરીટી ડીપોઝીટમાંથી વસુલાત કરવામાં આવશે. તેમજ જો તે ઉપરાંતનો ખર્ચ થયેલ હશે તો તે ઈજારદાર પાસેથી વસુલ લેવામાં આવશે.

(૬) ઇજારદારે ઇજારો મંજુર થયે કામ જાતે કરવાનું રહેશે. જો ઇજારદારે આ કામ પેટા ઇજારદારને સોપ્યું હોવાનું માલુમ પડશે તો તેનો ઇજારો રદ કરી શકાશે અને અનામતની રકમ જપ્ત કરવામાં આવશે.

(૭) ઇજારદાર દ્વારા કામગીરી પૂર્ણ થયા બાદ માસીક બીલ રજુ કરવાનું રહેશે. જે કામગીરી સતોષકારક રીતે પૂર્ણ થયા બાદ જ કામગીરીની ખરાઇ કરીને ચુકવણું કરવામાં આવશે. આ કામ પેટે કોઈપણ એડવાન્સ રકમ ચુકવવામાં આવશે નહિ.

(૮) કોઈપણ ઇજારદારનો ઇજારો માન્ય રાખવા કે નહિ તેની આખરી સત્તા સત્તામંડળની રહેશે. તેમજ કોઈ પણ શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. સરદહુ ઇજારાનું કાનૂની કાર્યક્ષેત્ર ભુજ શહેર ગણાશે.

**એજન્સીનું નામ અને સહી**

BHADA

Together we can make a Batter City

# ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ

રિલાયન્સ હોલ,બહુમાળી ભવન પાસે,ભુજ–૩૭૦૦૦૧.
ફોન : ૨૨૧૭૩૪,ફેક્ષ : ૨૨૩૮૯૯, ઈમેઈલ : bhujadabhuj@gmail.com
વેબસાઈટ :www.bhujada.com

**<u>કામનું નામ :–</u>** **ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ ઘ્વારા આપવામાં આવતી ઓનલાઈન વિકાસ પરવાનગીનું હાર્ડ કોપીમાં રેકર્ડ જાળવવા મંજુરીના કલર નકશા (પ્લાન), ફોર્મ–ડી સાથેની ફાઈલો તૈયાર કરી ફાઈલ પર જરૂરી વિગતો દર્શાવતું સ્ટીકર લગાડી ફાઈલ તૈયાર કરવા અંગેનો ઈજારો**

(૧) માલિક /એજન્સીનું નામ : ........................................................

(૨) એજન્સીનું સરનામું : ........................................................
........................................................

(૩) ફોન નં. .................... મોબાઇલ નં.........................

(૪) ટેન્ડર ફોર્મ (નોન રીફન્ડેબલ) રકમ રૂ. ૫૦૦/– બેન્કનું નામ : ..........................
ડ્રાફટ નંબર .............................. તારીખ :...........................

(૫) અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રૂ. ૫,૦૦૦/– બેન્કનું નામ : ............................
ડ્રાફટ નંબર .............................. તારીખ :...........................

(૬) જી.એસ.ટી. નં...............................................(જો હોય તો)

| | | |
|---|---|---|
| (૭) | પ્રી–બીડ મીટીંગની તારીખ અને સમય. | તા.૦૭/૦૬/૨૦૨૧ સમય : ૦૪.૦૦ કલાકે |
| | ભરેલા ટેન્ડર ફોર્મ જમા લેવાની છેલ્લી તારીખ | તાા.૧૪/૦૬/૨૦૨૧ કચેરી સમય દરમ્યાન |
| | ટેન્ડર ખોલવાની તારીખ અને સમય. | અલગથી જાણ કરવામાં આવશે. |

ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ ઘ્વારા આપવામાં આવતી ઓનલાઈન વિકાસ પરવાનગીની ફાઈલો હાર્ડ કોપીમાં તૈયાર કરવા અંગેની કામગીરી માટે નીચે મુજબના ભાવ રજુ કરું છું. તથા સ્વિકૃતી પત્ર (વર્કઓર્ડર) મુજબ કામગીરી કરવા હું સંમત છું. આ ટેન્ડર ફોર્મ સાથેની તમામ શરતો અમોને બંધનકર્તા રહેશે.

**ભાવપત્રક**

| ક્રમ | વિગત | ભાવ રૂ. |
|---|---|---|
| ૧ | A4 સાઈઝના પેજની પ્રિન્ટ (આગળ–પાછળ) પ્રતિ પાના દિઠ | |
| ૨ | લીગલ સાઈઝના પેજની પ્રિન્ટ (આગળ–પાછળ) પ્રતિ પાના દિઠ | |
| ૩ | A3 સાઈઝના નકશાની કલર પ્રિન્ટ (નકશા દીઠ) | |
| ૪ | A2 સાઈઝના નકશાની કલર પ્રિન્ટ (નકશા દીઠ) | |
| ૫ | A1 સાઈઝના નકશાની કલર પ્રિન્ટ (નકશા દીઠ) | |
| ૬ | A0 સાઈઝના નકશાની કલર પ્રિન્ટ (નકશા દીઠ) | |
| ૭ | સાદી પુઠાની કલીપવાળી ફાઈલ | |
| ૮ | અડધા પેજનું સ્ટીકર (ફાઈલની વિગતો સાથે ફાઈલ પર લગાડવા) | |

**<u>એજન્સીનું નામ અને સહી</u>**